ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૫/૧૮–૧૯/ 5782 તારીખ : 24 DEC 2018

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી શિયાળ ધીરૂભાઈ પાલાભાઈ,
બંદર રોડ – કંપોજ,
બાબુ રસવાળાનો ખાંચો,
મુ.મહુવા, જી.ભાવનગર.
મો.નં.૯૬૬૨૫ ૦૪૦૪૯.

કેસ નં.૮૫/૧૮–૧૯

**વિષય : એલ.ટી. લાઈનનો પોલ બદલવા બાબત.**
સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૭/૦૭/૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૫/૧૮–૧૯/૩૫૬૫ તા.૦૭/૦૮/૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૫/૧૮–૧૯/૪૮૮૪ તા.૨૩/૧૦/૧૮.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૫/૧૮–૧૯/૫૧૦૫ તા.૦૫/૧૧/૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૩/૧૧/૧૮ અને તા.૧૭/૧૧/૧૮** નાં રોજ રૂબરૂ રજુઆત માટે બોલાવવામાં આવેલ પરંતુ તમો એકપણ વખત હાજર રહેલ નથી. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મહુવા શહેર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૮૫/૧૮–૧૯**

વાદી :– શ્રી શિયાળ ધીરૂભાઈ પાલાભાઈ

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખ:– ૧૭.૧૧.૨૦૧૮**

હાજર રહયા :– ગેરહાજર

પ્રતિવાદી :– શ્રી એચ.એન.શાહ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી શિયાળ ધીરૂભાઈ પાલાભાઈ, મુ.મહુવા, તા.જી.ભાવનગરની એલ.ટી. લાઈનનો પોલ બદલવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૫/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૮૫/૧૮–૧૯/૩૫૬૫ તા.૦૭.૦૮.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૩.૧૧.૧૮ તથા તા.૨૭.૧૧.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી હાજર રહેલ નથી તથા પ્રતિવાદી શ્રી એચ.એન.શાહ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો અરજદાર શિયાળ ધીરૂભાઈ પાલાભાઈ મહુવા શહેરના બંદર રોડ, કમ્પોઝ વિસ્તારમાં રહીએ છીએ.

૧.૨ અમો ગ્રાહક નંબર ૩૭૧૦૨૦૪૨૧૪૦ થી સિંગલ ફેઝ લાઈટીગ કનેકશન ધરાવીએ છીએ.

૧.૩ અમારા મકાનની દીવાલ પાસે એલ.ટી. લાઈનનો પોલ આવેલ છે. મકાનના બીજા માળે દીવાલ સાથે એલ.ટી. લાઈનનો કેબલ પવનમાં દીવાલ સાથે અથડાય છે.

૧.૪ સદર પોલ શીફટ કરાવવા માટે અમારા દવારા તા.૦૪/૦૭/૨૦૧૮ ના રોજ પીજીવીસીએલ, મહુવા કચેરી ખાતે

P.G.V.C.L. Grievance Redressal Forum Bhavnagar.

..૨..

અરજી કરેલ છે, તેના અનુસંધાને ઓફીસમાંથી ત્રણ ચાર દીવસમાં સર્વે કરવા આવેલ. ત્યારબાદ અમોને પોલ ફેરવવા માટેનું રૂા.૪૦૫૨/– નું અંદાજપત્ર પાઠવવામાં આવેલ.

૧.૫ ત્યારબાદ સદર અંદાજપત્ર અમારા દવારા તા.૧૭/૦૭/૧૮ ના રોજ રૂા.૪૦૫૨/– રસીદ નં.૭૨૭૪૧૪ થી ભરપાઈ કરી આપેલ.

૧.૬ ત્યારબાદ ઓફીસમાંથી જણાવેલ કે ચાર પાંચ દીવસમાં તમારૂ કામ થઈ જશે. તેથી તે સમય બાદ હું ઓફીસમાં ગયેલ અને જુ.ઈ. ખાસીયા સાહેબને મળેલ અને જણાવેલ કે મારે મકાનનું કામ ચાલુ છે તો મારો પોલ શીફટ કરાવી આપો તો તેમના દવારા જણાવેલ કે તમારો વારો બે–ત્રણ મહીના પછી આવશે, વારંવાર ધકકા ખાવા નહી, હાલ અમારી પાસે માણસો નથી.

૧.૭ આપ સાહેબને નમ્ર અરજ છે કે અમારી ફરીયાદનો અભ્યાસ કરી વહેલી તકે પોલની જગ્યા બદલવા હુકમ કરવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ સદર અરજદાર શિયાળ ધીરૂભાઈ પાલાભાઈ મહુવાના બંદર રોડ ઉપર કમ્પોઝ વિસ્તારમાં રહે છે.

૨.૨ સદર અરજદાર દવારા તેમને નડતરરૂપ એલ.ટી. લાઈનનો પોલ શીફટ કરવા માટે મહુવા શહેર પેટા વિભાગીય કચેરીમાં ઈન્વર્ડ નંબર ૯૬૫ તા.૦૫/૦૭/૧૮ ના રોજ અરજી કરેલ છે.

૨.૩ સદર અરજદારને તેમની અરજીના અનુસંધાને જરૂરી સર્વે કરી અને જાવક નંબર ૪૨૪૩ થી તા.૧૩/૦૭/૧૮ ના રોજ અંદાજપત્ર આપવામાં આવેલ છે. સદર અંદાજપત્ર અરજદાર દવારા તા.૧૭/૦૭/૧૮ ના રોજ ભરપાઈ કરેલ છે.

૨.૪ સદર અરજદારને ત્યાં તા.૧૫/૦૮/૧૮ ના રોજ કોન્ટ્રાકટરના માણસો મોકલી તેમની અરજી મુજબ પોલ શીફટીગની કામગીરી પુર્ણ કરાવી આપેલ છે.

૨.૫ સદર અરજદારને તેમનું કામ પુર્ણ કરાવ્યા બાદ મહુવા શહેર પેટા વિભાગીય કચેરી દવારા ફોન દવારા પુછપરછ કરતાં તેઓ જણાવે છે કે તેમનું કામ સંતોષકારક રીતે પુર્ણ થયેલ છે અને તેમને લેખિતમાં સદર બાબતે આપવાનું કહેતા તેઓ જણાવે છે કે તેઓ ઓફીસમાં આવી સદર બાબતની કાર્યવાહી પુર્ણ કરેલ છે, તે બાબતે બાંહેધરી આપી જશે, પરંતુ હજુ તે રજુ કરેલ નથી.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર શિયાળ ધીરૂભાઈએ મહુવાને તેના રહેઠાણ વિસ્તારમાં નડતરરૂપ એલ.ટી. લાઈનનો પોલ ફેરવવા માટે પ્રતિવાદીને તા.૦૫/૦૭/૧૮ ના રોજ અરજી કરેલ. જેના માટે પ્રતિવાદીએ વાદીને તા.૧૩/૦૭/૧૮ ના રોજ પોલ ફેરવવા માટેનું અંદાજપત્ર રૂા.૪૦૫૨/– નું આપેલ, જે વાદીએ તા.૧૭/૦૭/૧૮ ના રોજ ભરપઈ કરી આપેલ.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૩.૨ પ્રતિવાદીએ તા.૧૫/૦૮/૧૮ ના રોજ પોલ ફેરવવાની કામગીરી પુર્ણ કરાવેલ છે.

૩.૩ વાદીએ ફોરમ દવારા તા.૦૩/૧૧/૧૮ તેમજ તા.૧૭/૧૧/૧૮ ના રોજ રજી. પોસ્ટ દવારા ફોરમ સમક્ષ હાજર રહેવા જણાવેલ પરંતુ વાદી હાજર રહેલ નથી અને વાદીનું કામ પ્રતિવાદી દવારા પુર્ણ કરવામાં આવેલ છે માટે ફોરમ દવારા હવે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૩ મુજબ હુકમ કરવામાં આવે છે."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| **(બી. જે. દવે)** | **(પી. એચ. માવાણી)** | **(એમ. આર.વજરીયા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :– **૧૭.૧૧.૨૦૧૮**

Grievance Redressal Forum
P.G.V.C.L
Bhavnagar.